SURAT MUNICIPAL CORPORATION

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

FIT INDIA

SWACHH SURVEKSHAN 2021

એમ.બી.ગાંધી
કાર્યપાલક ઈજનેર
સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન,
આદર્શભવનની બાજુમાં,અઠવાલાઈન્સ,
સુરત મહાનગરપાલિકા, સુરત.

ફોન નંબર : ૨૬૬૩૦૪૯–૫૦
૨૬૬૭૯૨૬
મ્યુનિસિપલ ઝોન ઓફિસ, સુરત.

# <u>સંમતિપત્ર</u>

નં.સા.વે.ઝોન(અઠવા)/આ. ૩૬૬૩
તારીખ:૧૪/૮/૨૦૨૫

પ્રતિ,
........................................
........................................
........................................
........................................
........................................

વિષય :– સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં સાકાર થનાર નવા પ્રોજેકટોના સ્ટ્રકચરલ ડિઝાઈન અને પ્લાનીંગ માટે સોઈલ ટેસ્ટીંગ કરાવવા બાબત.

સંદર્ભ :– (૧) સ્થાયી સમિતી ઠરાવ નં. ૧૦૨૪/૨૦૨૩ ,તા. ૨૩/૦૬/૨૦૨૩ થી મંજુર થયેલ ઠરાવના ભાવે અને શરતે.
(૨) મા.ડે.મ્યુ.કમિશ્નરશ્રીની તા.૧૩/૦૮/૨૫.. ના રોજની મંજુરી.

**મહાશય,**

સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં સાકાર થનાર નવા પ્રોજેકટોના સ્ટ્રકચરલ ડિઝાઈન અને પ્લાનીંગ માટે સોઈલ ટેસ્ટીંગ કરાવવાના કામે સંદર્ભ (૧)મુજબ સ્થા.સ.ઠ.નં.૧૦૨૪/૨૦૨૩ ,તા. ૨૩/૦૬/૨૦૨૩ થી મંજુર થયેલ ટેન્ડરના ભાવે અને શરતે રૂા.૨,૦૦,૦૦૦.૦૦ પૈ. ની ખર્ચ મર્યાદામાં કામગીરી કરાવવા સંદર્ભ (૨) હેઠળથી મંજુરી મળેલ. આ કામ કરવા સંમત હોય તો આપશ્રીની લેખીત સંમતિ બંધ કવરમાં તા. ૨૬/૦૮/૨૫ સુધીમાં નીચે સહી કરનારની કચેરીમાં પહોંચાડવા પ્રબંધ કરશો. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઈ બંધ કવરો સ્વીકારવામાં આવશે નહી.

**<u>–: શરતો :–</u>**

૧. અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફ્ટ / પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા.૫,૦૦૦ /– ની આપવાની રહેશે.
૨. ઈજારદારે **GST** રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૩. ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનું રહેશે.
૪. ઈજારદારે ઉપરોકત કામે મંજુર થયેલ ઠરાવના ભાવે અને શરતે કામગીરી કરવા લેટર પેડ પર લેખિત બાંહેધરી આપવાની રહેશે.
૫. કોઈપણ તથા બધાજ સંમતિપત્રક રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાંધિત રહેશે તે અંગે કોઈ પણ કારણો આપવામાં આવશે નહી.
૬. તમામ પ્રકારના વેરા / સરકારી ટેક્ષ ઈજારદારે ભોગવવાનાં રહેશે.
૭. તમામ સરકારી/ અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.
૮. સદર કામગીરી બાબતે અત્રેના હાઉસીંગ વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.

SD/-
**કાર્યપાલક ઈજનેર**
**સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

**નકલ રવાના :** તમામ ખાતા/ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી પ્રતિ જાણ તથા નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવા સારૂ.